# મતદારોની ઝીણવટભરી વાર્ષિક તપાસનો હેતુ

દર વર્ષે ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરે સ્થાનિક અને લોકસભાની ચૂંટણીઓમાં મત આપવા માટે લાયક હોય એવા લોકોનાં નામ અને સરનામાઓની યાદી બનાવવાની જ હોય છે. એને મતદારોનું રજીસ્ટર કહેવામાં આવે છે, અને એને દર વર્ષે ૧ ડિસેમ્બર પહેલાં પ્રકાશિત કરવું જ જોઈએ. એ રજીસ્ટર આપણી લોકશાહીનો પાયો છે, તેથી એ ચોક્સાઈભર્યું હોય એ બહુ મહત્ત્વનું છે.

ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરે મને તમારી મુલાકાત લેવા કહ્યું છે જેથી મત આપવા માટે લાયક હોય એવા અહીં રહેતાં બધાં લોકોની અદ્યતન યાદી બનાવવા માટે માહિતી ભેગી કરી શકાય. મારે એ પણ જાણવાની જરૂર છે કે મત આપવા માટે લાયક ન હોય એવા લોકો પણ અહીં રહે છે કે કેમ.

આ ફોર્મમાં જે માહિતી હું માગું છું એ તમે આપો એવું કાયદો જરૂરી બનાવે છે. અહીં રહેતાં બધાં લોકોનાં નામ મારે જાણવાની જરૂર છે જેઓ:

*૧૬ વર્ષ કે તેથી વધુ વયના હોય
*બ્રિટીશ, આઈરીશ કે કોમનવેલ્થના નાગરિક હોય, કે
* યુરોપીયન યુનિયન મેમ્બર સ્ટેટના નાગરિક હોય

[મારી પાસે આ દેશોની યાદી છે]

મારે મત આપવા માટે લાયક હોય એવી બધી વ્યક્તિઓનાં નામ જાણવાની જરૂર છે જેઓ ૧૫ ઓક્ટોબરના રોજ અહી રહેવાનાં હોય.

અમે એ બધી માહિતી ભેગી કરીને મતદારોનું રજીસ્ટર બનાવીશું. અમે એ રજીસ્ટરનો ઉપયોગ ચૂંટણી વખતે ઉપયોગ માટે યાદીઓ બનાવવા માટે કરીએ છીએ અને કોર્ટ એનો ઉપયોગ જ્યુરી સેવા માટે લોકોને બોલાવવા માટે કરે છે. લોકો ધિરાણ માટે અરજી કરે ત્યારે ધિરાણનો સંદર્ભ આપતી સંસ્થાઓ પણ એનો ઉપયોગ કરે છે.

એવો કાયદો છે કે મારે દરેક ઘરેથી એક ફોર્મ ભેગું કરવું જ જોઈએ. દરેક ઘરે એક ફોર્મ ભરવું જ જોઈએ. કોઈજ મત આપવા માટે લાયક ન હોય તો, રજીસ્ટ્રેશન ફોર્મના ભાગ ૩માં એની નોંધ કરવી જરૂરી છે.

એવું હોય શકે કે ગયા વર્ષે અમે તમને મળવા આવ્યા ન હતા; પણ કાયદો બદલાયો છે તેથી અમારે દરેક ઘરની મુલાકાત લેવી જ જોઈએ.

તમે હમણાં આ ફોર્મ ભરીને સહી કરી શકો અથવા પછીથી મને પોષ્ટ કરી શકો. જો તમે મને એ હમણાં આપી શકો, તો આ વર્ષે અમારે તમને ફરીથી હેરાન કરવાની જરૂર નહિ રહે અને ખર્ચ ઓછો કરવામાં મદદ થશે.